# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 14-06-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગિફ્ટ્સિટી ગાંધીનગરમાં ફિડે વર્લ્ડ જુનિયર ચેસ ચેમ્પિયનશિપનું સમાપન વિશ્વ સ્તરના ખેલાડીઓના અનુભવ-જ્ઞાન કૌશલ્યનો લાભ લેવા ખેલાડીઓને મુખ્યમંત્રીનું આહવાન..
- ✓ કૃષિ મંત્રી રાઘવજી પટેલે બાવળા ખાતે આવેલા ઈ -રેડિયેશન પ્લાન્ટની મુલાકાત લીધી...ગુજરાત એગ્રો રેડિયેશન પ્રોસેસિંગ ફેસિલિટી યુનિટ દ્વારા ચાલુ વર્ષે ૨ લાખ ૩ હજાર કિલો કેરીનું ઈ- રેડીએશન કરીને નિકાસ કરવામાં આવી હોવાનું જણાવતા કૃષિ મંત્રી
- ✓ રાજકોટમાં મહાનગર પાલિકા દ્વારા હોસ્પિટલ સહિતના એકમોમાં ફાયર સેફ્ટીની ચકાસણી કરીને સીલિંગની કામગીરી... નવી રચાયેલી વોર્ડ સમિતિ દ્વારા સઘન તપાસ
- ✓ રાજ્યના આઈ.ટી.આઈ.રાજગારી આપનારી મહત્વપૂર્ણ સંસ્થા સાબિત થઇ રહી છે. કુબેરનગરની પ્રિ-પ્લેસમેન્ટ ઝુંબેશ અંતર્ગત ૮૦ જેટલી કંપનીઓ દ્વારા ૩૭૫ જેટલા તાલીમાર્થીની પસંદગી કરાઇ
- ✓ આજથી બે દિવસ દરમિયાન રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદની હવામાન વિભાગની આગાહી... ભારે પવન સાથે વરસાદની શક્યતા

## CM CHESS SAMAPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના ગિફ્ટસિટી ક્લબમાં આયોજિત ફિડે વર્લ્ડ જુનિયર ચેસ ચેમ્પિયનશિપ-2024નું સમાપન કરાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે , ચેસના શ્રેષ્ઠ ખેલાડીઓ ડિજિટલ પ્લેટફોર્મના ઉપયોગથી પોતાની સ્થાનિક ભાષામાં જે તે દેશના ખેલાડીઓ સાથે રમત-ગમતના જ્ઞાનનું આદાન-પ્રદાન કરે તે જરૂરી છે.મુખ્યમંત્રીએ ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશન, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને ઓલ ઇન્ડિયા ચેસ ફેડરેશનના સહયોગથી ગિફ્ટસિટીમાં આ ચેમ્પિયનશિપના આયોજનને ગુજરાત માટે ગૌરવ ઘટના ગણાવી હતી.

તેમણે ચેસની વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા 10 પુરૂષ અને 10 સ્ત્રી ખેલાડીઓની શ્રેષ્ઠતાને બિરદાવતાં પુરસ્કાર, ટ્રોફી અને મેડલ્સ એનાયત કર્યા હતા.

46 દેશોના સવા બસોથી વધુ ખેલાડીઓ આ ચેમ્પિયનશિપમાં સહભાગી થયા હતા. ભારતની પાંચ દીકરીઓ સહિત છ ખેલાડીઓએ વિવિધ કેટેગરીમાં પદક, ઇનામ હાંસલ કર્યા હતા.

.................

## KRUSHI MANTRI RAGAVJI PATEL

અમદાવાદના બાવળા ખાતે આવેલી ગુજરાત એગ્રો રેડિયેશન પ્રોસેસિંગ ફેસિલિટી યુનિટની કૃષિમંત્રી રાઘવજી પટેલે મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન કૃષિ મંત્રી રાઘવજી પટેલે કહ્યું કે, અમદાવાદ નજીક બાવળા ખાતે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪માં ૨૦ કરોડના ખર્ચે ગુજરાત એગ્રો રેડિયેશન પ્રોસેસિંગ ફેસિલિટી યુનિટની સ્થાપના કરવામાં આવી હતી. આ ઈ - રેડિયેશન પ્લાન્ટને કારણે ગુજરાતના ફળો, ડુંગળી અને મસાલાની વિદેશોમાં નિકાસ ઝડપથી થઈ રહી છે.  એટલું જ નહિ આ ઈ - રેડિયેડશન થવાને કારણે ફળો અને શાકભાજીનું આયુષ્ય વધે છે તેમજ રોગપ્રતિકારક શક્તિમાં પણ વધારો થાય છે.

મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, ચાલું વર્ષે અત્યાર સુધીમાં ૨ લાખ ૩ હજાર કિલો કેરીની ઈ- રેડિયેશન પ્રોસેસ હાથ ધરીને નિકાસ કરવામાં આવી છે. આવનારા દિવસોમાં કચ્છની કેરીનું પણ ઈ - રેડિયેડશન કરીને તેની નિકાસ કરવામાં આવશે.

.................

## Crime Branch Fake Currency

રાજયની ગુનાશોધક શાખાએ (ક્રાઇમ બ્રાંચ) 15 લાખ 30 હજાર 100 રૂપિયાની નકલી ચલણીનોટો ઝડપી લીધી છે.

ક્રાઇમ બ્રાંચના અધિકારીઓએ રાજસ્થાનના 3 આરોપીઓને રામોલ બ્રીજ પાસેથી આ નકલી નોટો સાથે  પકડી પાડ્યા હતા. આ અંગે ક્રાઇમબ્રાંચના અધિકારીએ આ અંગે વધુ માહીતી આપી હતી.

(બાઇટ - ચૈતન્ય માંડલીક, એસપી, ક્રાઇમબ્રાન્ચ)

.................

## RAJKOT BETHAK

રાજકોટ કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર પ્રભવ જોષીની અધ્યક્ષતામાં જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં કલેક્ટરે વાસ્મો દ્વારા ચાલી રહેલા વિવિધ કાર્યોની માહિતી મેળવીને સમિક્ષા કરી હતી તેમજ જરૂરી સૂચનો કર્યા હતા. પાણી પુરવઠા માટે રાજકોટના તમામ તાલુકાઓના વિવિધ ગામોમાં થનાર બોર મશીનરીના તેમજ અન્ય વિવિધ પ્રસ્તાવિત ૨.૧૧ કરોડના ખર્ચે થનાર  ૪૦ કામોને સમિતિ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણે, આસી. કલેક્ટરશ્રી નિશા ચૌધરી તેમજ સમિતિના સદસ્યો અને સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

.................

## RAJKOT MANJURI

રાજકોટ  મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ  વિવિધ એકમોમાં ફાયર સેફ્ટિની ઝિણવટપૂર્વક ચકાસણી કરવામાં આવી રહી છે.

જેમાં  હોસ્પિટલ, બિલ્ડીંગ, ટયુશનકલાસીસ, મોલ અને શોપિંગ કોમ્પલેક્ષ, કોમ્યુનીટી હોલ, ઓડીટોરિયમ, સિનેમા હોલ, વોટર પાર્ક તથા અન્ય જાહેર સ્થળ તથા જ્યાં ભીડ એકત્ર થતી હોય તે વિસ્તારની ફાયર સેફટીની ચકાસણી કરવા માટે મ્યુનિ. કમિશનર દ્વારા દરેક વોર્ડ દીઠ એક એક વોર્ડ કમિટીની રચના કરવામાં આવેલ છે.

આ વોર્ડ કમિટી દ્વારા ઝૂંબેશના રૂપમાં ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.13મી જૂનના રોજ સાંજ સુધીમાં વિવિધ વોર્ડની ટીમોએ ફાયર એન.ઓ.સી. અને બી.યુ. સર્ટિફિકેટ બાબતે કુલ ૫૨ એકમોની ચકાસણી કરી હતી અને તેમાં કુલ ૩૧ સંકુલો સીલ કરવામાં આવ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સીલ કરવામાં આવેલ એકમો પૈકી ૩૬ જેટલી અરજીઓ રજૂ થયેલ હતી. મનપા દ્વારા રચવામાં આવેલ કમિટી દ્વારા કમિટીની મિટિંગમાં તમામ ૩૬ અરજીઓ શરતોને આધીન મંજુર કરવા નિર્ણય કરાયો હતો.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.................

## DWARKA CBI

જામનગર EPFO ના એન્ફોસમેન્ટ ઓફિસર સહિત ત્રણ વ્યક્તિ રૂપિયા 1.10 લાખની લાંચ લેતા સીબીઆઇના છટકામાં પકડાઇ ગયાં હતાં.

દ્વારકાના મીઠાપુર ની એક કંપનીના ઇપીએફના પેન્ડિંગ કામ સંબંધે રૂપિયા 1.10 લાખની લાંચ... માંગી હતી

સીબીઆઇ ગઇકાલે સાંજે ગોઠવેલા છટકામાં EPFO ના અધિકારી અને દેવભૂમિ દ્વારકા ના કન્સલ્ટન્ટ અને તેમનો પુત્ર પણ રંગે ઝડપાઇ ગયા હતા.સીબીઆઇએ દ્વારકા જામનગર અને રાજકોટમાં દરોડા પણ પાડ્યા હતાં..

.................

## HALOL PURVATHA SAPATO

પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારીની ટીમે  હાલોલ તાલુકાના શિવરાજપુર ગામ પાસે ચાલતા કેરેવાન સરાઇ રિસોર્ટ ખાતે દરોડા પાડ્યા હતા.

જેમાં ૧૯ કિલોગ્રામ વજનની ક્ષમતા વાળા કોમર્શિયલ ગેસના ભરેલા સિલિન્ડર ૧૧ નંગ અને ખાલી સિલિન્ડર નંગ ૨૧ મળી કુલ ૩૨ જેટલા ગેસના સિલિન્ડર મળ્યા આવ્યા હતા જેમાં  રિસોર્ટ ખાતે આ કોમર્શિયલ ગેસનો ઉપયોગ વ્યવસાયિક હેતુસર માટે કરવામાં આવતો હતો.

પુરવઠા વિભાગની ટીમ દ્વારા  મુદ્દામાલ  સ્થળ પરથી જપ્ત કર્યો હતો જેમાં પ્રવાહી પેટ્રોલિયમ ગેસ પુરવઠા અને વિતરણ નિયમન હુકમની જોગવાઈ મુજબ કાર્યવાહી હાથ ધરી હતી

.................

## KUBERNAGAR ITI

કૌશલ્ય ધરાવતા યુવાનોને રોજગારી મળી રહી છે જેનું ઉદાહરણ કુબેરનગર આઇટીઆઇ છે.

આઈ.ટી.આઈ. કુબેરનગર ખાતે ૪૧ જેટલા ટ્રેડમાં ૪૦૦૦થી વધુ તાલીમાર્થીઓ તાલીમ મેળવી રહ્યા છે. આવા યુવા તાલીમ પૂરી થયે નોકરીથી વંચિત ન રહી જાય તે હેતુથી સંસ્થા ખાતે 'પ્રિ-પ્લેસમેન્ટ- ૨૦૨૪ નુંઆયોજન કરવામાં આવ્યું છે. આ ઝુંબેશમાં અમદાવાદ અને તેની આસપાસની કેમિકલ, સોલાર, પ્લાસ્ટિક, મિકેનિકલ, ઓટો, લિફ્ટ, આઈ.ટી., કમ્પ્યૂટર અને ઇલેક્ટ્રિકલ ક્ષેત્રે કામ કરતી અગ્રગણ્ય ૮૦ જેટલી કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી સંસ્થાના ૩૭૫ જેટલા તાલીમાર્થીઓને માસિક રૂપિયા પંદરથી વીસ હજારના પગારથી અને ૩૫ જેટલા તાલીમાર્થીઓને એપ્રેન્ટિસ તરીકે પસંદ કર્યા છે.

આ પ્રિ-પ્લેસમેન્ટ ઝુંબેશમાં ૨૫ જેટલા તાલીમાર્થીઓને સૌથી વધુ પગાર રૂપિયા ૧૯૫૬૦/- ઓમેગા એલિવેટર્સ કંપની અમદાવાદ દ્વારા આપવામાં આવશે.

.................

## Weather

હવામાન વિભાગે રાજયમાં ખાસ કરીને મધ્ય અને દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં આગામી 48 કલાકમાં ગાજવીજ સાથે હળવો વરસાદ થવાની સંભાવના દર્શાવી છે.

આ સમયગાળામાં જમીન પર પવનની ગતિ 30થી 40 કીલોમીટર પ્રતિકલાક રહેવાની સંભાવના છે.

દરમ્યાન રાજયમાં છેલ્લા 36 કલાકમાં ઘણા સ્થળોએ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં 1 થી 4 ડીગ્રી વધુ નોંધાયું છે. સૌથી વધુ 42 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન રાજકોટ અને સુરેન્દ્રનગરમાં નોંધાયું છે. આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર અને વલ્લભવિદ્યાનગરમાં 41 ડીગ્રી, કંડલા એરપોર્ટ, અમરેલી અને ડીસામાં 40, ભૂજ, ભાવનગર, અને વડોદરામાં 39 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન નોંધાયું છે. આ જ સમયગાળામાં રાજયમાં ઘણા સ્થળોએ લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં 1 થી 3 ડીગ્રી વધુ નોંધાયું છે.

છેલ્લા 36 કલાકમાં અમદાવાદ જીલ્લાના ધંધુકામાં 30 મીલીમીટર વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે આગામી 5 દિવસ દરમ્યાન તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર થવાની શકયતા ન હોવાનું જણાવ્યું છે.

.................